સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનું મુખપત્ર

# પટેલ સુવાસ

Year : 40 ❖ Issue : 5 ❖ Annual Subscription : ₹.300/- Total Pages : 52 ❖ August-2017



'અગસ્ત ક્રાંતિ' વિશેષાંક

## આઝાદીના ૭૦ વર્ષ

## એક ભારત-અનન્ય ભારત

આખરે ગુલામીની ઝંઝીરની કેડીઓ તોડતી અગસ્ત ક્રાંતિ

## કવર સ્ટોરી

### આઝાદીના ૭૦ વર્ષ : એક ભારત-અનન્ય ભારત

એક વ્યક્તિ માટે ૭૦ વર્ષનું આયુષ્ય એ પાનખર કહેવાય પરંતુ એક રાષ્ટ્ર માટે એ આરંભિક સમય ગણાય. જગતના વિકસિત ગણાતા દેશો આધુનિક અને લોકતાંત્રિક શાસન પધ્ધતિથી આગળ ધપી રહ્યા છે ત્યારે ભારતે એ દિશામાં હજુ ૭ દાયકાથી જ આગેકૂચ આરંભી છે. છતાં પારાવાર વિવિધતામાં વહેંચાયેલું ભારત એક રહ્યું છે, અનન્ય બની રહ્યું છે... ૧૮




| | | | |
|---|---|---|---|
| તંત્રી સ્થાનેથી... | ...ને એ પછી જ નાની-મોટી ચળવળોને 'અગસ્ટ ક્રાંતિ'ની ઉપમા મળવા લાગી | | ૦૭ |
| સમાજ ગૌરવ | પાટીદાર સમાજના આ એકલવ્યોને ખૂબ ખૂબ અભિનંદન... | ભીમજીભાઈ નાકરાણી | ૦૮ |
| સંસ્થા સમાચાર | કૃષ્ણનગરથી સૌરાષ્ટ્ર જતી બસો નિકોલગામ-બાપુનગર થઈને ચલાવાશે | | ૦૯ |
| ધ હીરો | સફળતાની ચાવી સમયનું પાલન | દિવ્યેશ વેકરિયા | ૧૦ |
| અગસ્ત ક્રાંતિ | આખરે ગુલામીની ઝંઝીરની કેડીઓ તોડતી 'અગસ્ત ક્રાંતિ' | યોગેશ પટેલ | ૧૩ |
| ઓળખ | ભારતની આઝાદીના એ જાંબાઝ લડવૈયાઓ | મેઘા પટેલ | ૧૫ |
| કવરસ્ટોરી | ભારત ભાગ્ય વિધાતા : ક્ષિતિજ પર દેખાય છે શુભ્ર ધવલ ઉજાસ | | ૨૦ |
| લગ્ન વિષયક | | | ૨૬ |
| વિભાજન | અખંડ હિન્દુસ્તાનના બે ટુકડા રાષ્ટ્રનીતિની રાજનીતિ, અંગ્રેજોની કુટનીતિ | દિવ્યેશ વેકરિયા | ૨૯ |
| વ્યક્તિત્વ | ચંદ્રશેખરઃ તારું નામ શું? આઝાદ! | વિમિષ પુષ્પધન્વા | ૩૬ |
| સક્ષમતા | આઝાદ ભારતમાં વિજ્ઞાનનો વિકાસ | યોગેશ પટેલ | ૪૦ |
| વર્ચ્યુઅલ ફ્રિડમ | કસુંબીના રંગે રંગાયેલા ભારતનું ફિલ્મીકથન | | ૪૩ |



**સંપાદક મંડળ**

શ્રી દેવજીભાઈ એમ. સોજીત્રા
શ્રી હિંમતભાઈ બી. કસવાળા
શ્રી પરસોત્તમભાઈ બી. કકાણી
શ્રી પ્રાગજીભાઈ પી. ગામી

**સલાહકાર સમિતિ**

શ્રી વલ્લભભાઈ કાકડિયા
શ્રી ધરમશીભાઈ મોરડિયા
શ્રી રવજીભાઈ વસાણી
શ્રી ગુણવંતભાઈ સોજીત્રા
શ્રી બાબુભાઈ શેલડીયા
શ્રી પુરૂષોત્તમભાઈ ગેવરિયા



**પટેલ સુવાસ**

**તંત્રી**
શ્રી વિઠ્ઠલભાઈ હરિભાઈ ઘાડિયા
મો. ૯૦૯૯૯૨૬૩૮૩

**સહતંત્રી**
શ્રી દિવ્યેશ વેકરિયા
મો. ૯૮૭૯૧૧૯૨૦૪

લે-આઉટ ડિઝાઈન : યોગેશ પટેલ



**શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ - હોદ્દેદારશ્રીઓ**

પ્રમુખ : શ્રી દેવજીભાઈ સોજીત્રા
ઉપપ્રમુખ : શ્રી મનોજભાઈ ડોબરિયા
ઉપપ્રમુખ : શ્રી ભનુભાઈ મેશિયા
મંત્રી : શ્રી સંજય સાવલિયા
સહમંત્રી : શ્રી જગદીશભાઈ સાકરિયા
ખજાનચી : શ્રી મગનભાઈ પટેલ



Published by : Vithalbhai Haribhai Ghadia
on behalf of Shree Saurashtra Patel Kelavani Mandal,
Gulbai Tekra, Ellisbridge, Ahmedabad - 380 006. Gujarat.
Tel. No. 079 - 26307099, 8866032888 and
Printed by: Kewal Offset, F-11-38, Ravi Estate, Nr. Torrent
Power Subsation, Dudheshwar, Ahmedabad-4, Gujarat.
OWNER : SHREE SAURASHTRA PATEL KELAVANI MANDAL

# પાટીદાર સમાજના આ એકલવ્યોને ખૂબ ખૂબ અભિનંદન...

પાટીદાર સમાજમાંથી છેલ્લા ૨૦ વર્ષમાં ઘણાં યુવા મિત્રો UPSCની અઘરી પરીક્ષા પાસ કરીને IAS, IPS, IIS, IRS જેવી સરકારની વર્ગ-૧ની સેવામાં લાગેલા છે. જેમાંથી મોટાભાગના UPSCપાસ થયેલા ઉમેદવારોએ ખાનગી તાલીમવર્ગ કે પછી SPIPAમાં રહીને કે અગાઉના વર્ષોમાં દિલ્હી જેવા સ્થળે તાલીમ લીધેલી છે.



**ડો. તોરલ પાનસુરિયા** (BDS)
IRS - Rank : 239

વર્ષ ૨૦૧૬માં લેવાયેલ UPSCની બેચનું પરિણામ ૨૦૧૭માં આવ્યુ ત્યારે ગુજરાતમાંથી અંદાજિત ૧૪ જેટલાં ઉમેદવારો ઉતિર્ણ થયા હતા. આમાંથી ત્રણ ઉમેદવારો પાટીદાર સમાજના છે, જે આપણા માટે ગૌરવની બાબત છે.

હમણાં હમણાં IASના તાલીમ વર્ગોનો રાફડો ફાટ્યો છે. તમામ જ્ઞાતિઓ IAS (UPSC)ના વર્ગો ચલાવે છે. જોકે પરિણામ મળ્યાના દાખલા નથી. SPIPA ગુજરાત સરકારની તાલીમ સંસ્થા છે. અહીં મોટાભાગના યુવાનો આ પરીક્ષાની તૈયારી કરે છે અને સફળતા પણ મેળવે છે. તાજેતરમાં જ UPSCનું પરિણામ આવ્યુ ત્યારે પાટીદાર સમાજના ડૉ. તોરલ પાનસુરિયા, ડૉ. અક્ષર ગોધાણી અને ડૉ. સંદિપ મોરડિયા ઉતિર્ણ થતાં જ કેટલીક સંસ્થાઓ અને ખાનગી ક્લાસિસવાળાઓ આ ઉમેદવારોએ પોતાને ત્યાંથી તૈયારી કરી છે તેવા દાવા સાથે દૈનિકપત્રોમાં અભિનંદનની જાહેરખબરો પણ આપી હતી. હકીકતમાં આ ત્રણે યુવા મિત્રોએ ખરેખર પોતાની સ્વ મહેનતે તૈયારીઓ કરી છે. કોઈપણ સંસ્થા કે ટ્રેનિંગ સેન્ટરમાં ગયા વિના પોતાની રીતે પુસ્તકો, મટિરીયલ્સ, ઓનલાઈન ટેસ્ટના માધ્યમથી તૈયારી કરીને આ પરીક્ષાા પાસ કરી છે અને હાલ જે કેડર મેળવી છે, તે સ્વીકારીને ફરી કલેક્ટર (IAS) કેડર માટે તૈયારીઓ કરી રહ્યાં છે. તેમને કલેક્ટર જ થવું છે. સમાજ પ્રત્યેની સંવેદના તેમને કલેક્ટર થવાની પ્રેરણા આપે છે.

ડૉ. તોરલ પાનસુરિયાએ BDSનો અભ્યાસ કર્યા પછી પ્રારંભમાં લોકસેવા ટ્રસ્ટમાં તાલીમ લીધા બાદ સ્પીપાની લાયબ્રેરીનો ઉપયોગ કર્યો હતો. એ સિવાય ક્યાંય પણ તૈયારી કરી નથી. મુખ્ય વિષય તરીકે મેડિકલ સાયન્સ જેવો અઘરો વિષય પણ રાખેલ છે. લેઉવા પટેલ સમાજમાં આઝાદી પછી આ પરીક્ષા ઉતિર્ણ કરનાર આ પ્રથમ દીકરી છે. તેમણે આ પરીક્ષામાં ઓલ ઈન્ડિયામાં ૨૩૯મો રેન્ક મેળવ્યો હતો. તેમને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ. સમાજની અન્ય દિકરીઓએ તોરલમાંથી પ્રેરણા લેવી જોઈએ.



**ડો. અક્ષર ગોધાણી** (MBBS)
IRS - Rank : 365

ડૉ. અક્ષર ગોધાણીએ MBBSનો અભ્યાસ કરી વડોદરા મેડીકલ કોલેજમાં ફેકલ્ટી તરીકેની સેવા આપતા આપતા મેડીકલ સાયન્સ સાથે જ આ પરીક્ષા પાસ કરી છે ઓલ ઈન્ડિયામાં ૩૬૫મો રેન્ક મેળવ્યો છે. તેમણે ઘેર બેઠા પોતાની રીતે તૈયારી કરી અને જરૂર પડ્યે SPIPA લાયબ્રેરીનો ઉપયોગ કર્યો છે. ગુજરાતની કોઈપણ સંસ્થામાં તાલીમ લેવા માટે ગયેલા નથી. તેમનો ગોલ કલેક્ટર થવાનો છે. તેમને પણ ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.

ડૉ. સંદિપ મોરડિયા અંગેની વિગતો આપણે જૂન માસમાં પ્રકાશિત કરી ગયા છીએ. તેમને પણ ખૂબ ખૂબ અભિનંદન.

જીવનમાં કોઈપણ કામ પૂરી નિષ્ઠા અને ખંતથી કરવામાં આવે તો તેમાં ચોક્કસ સફળતા મળે છે, તે આ યુવા મિત્રોએ સાબિત કરી દેખાડ્યું છે. સમાજના યુવાનોને તેમનામાંથી પ્રેરણા લેવા ભલામણ છે.



નામ : કાનપરિયા નિકુંજ બાવચંદભાઈ
સરનામું : સી/૧૨, યોગેશ્વર એપાર્ટમેન્ટ, રતનબા સ્કૂલની નજીક, ઠક્કર નગર, અમદાવાદ
ફોન : (ઘર) ૭૩૫૯૪૪૯૪૪૯
મોબાઈલ : ૮૮૬૬૩૮૨૫૮૨
ઈ-મેઈલ : nikunj.kanpariya007@gmail.com
જન્મ તા. : ૨-૫-૯૧ ઉંચાઈ : ૫'૮'' વજન : ૬૦ કી.
અભ્યાસ : B.Com.
મૂળ વતન : ગામ-સલડી, તા.લીલીયા, જિ.અમરેલી
મોસાળ : હિરપરા, ગામ-ચલાલા, તા.ધારી, જિ.અમરેલી
પસંદગી : Graduate Complete, 12th Pass
નોકરી/ધંધો : Credit Manager, AU Finance



નામ : ગજેરા નિયતી લક્ષ્મણભાઈ
સરનામું : બી/૮, વર્ષાદીપ ફ્લેટ, રામજી મંદીર સામે, ઈન્ડિયા કોલોની રોડ, બાપુન,ર અમદાવાદ
ફોન : (ઘર) ૮૪૬૦૩૨૧૮૯૭
મોબાઈલ : ૭૬૦૦૯ ૦૫૨૦૫
ઈ-મેઈલ : niyati.gajera@gmail.com
જન્મ તા. : ૧૩-૬-૯૨ ઉંચાઈ : ૫'૪'' વજન : ૫૦ કી.
અભ્યાસ : B.E. (Computer Engineering)
મૂળ વતન : ગામ-મોટા ઉજળા, તા.કુકાવાવ, જિ.અમરેલી
મોસાળ : ભુવા, ગામ-જેતલસર, તા.જેતપુર, જિ.જૂનાગઢ
પસંદગી : એન્જિનિયર, યુ.એસ. વેલસેટ
નોકરી/ધંધો : નોકરી



નામ : દુધાત કાર્તિક હિંમતભાઈ
સરનામું : આઈ-૧૦૪, સફલ પ્લાઝા, જનસેવા કેન્દ્ર નજીક, બાલાજી રેસીડેન્સી સામે, નિકોલ-નરોડા રોડ, અમદાવાદ
ફોન : (ઘર) ૮૧૫૩૯૨૧૪૪૫
મોબાઈલ : ૯૮૨૫૪૧૮૯૩૮
ઈ-મેઈલ : kartik_dudhat@yahoo.com
જન્મ તા. : ૬-૧૧-૯૦ ઉંચાઈ : ૫'૧૦'' વજન : ૫૭ કી.
અભ્યાસ : M. Pharm.
મૂળ વતન : ગામ-ગીણીયા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી
મોસાળ : ગામ-તળાવિયા, ગામ-ખીજડીયા, તા.જિ.અમરેલી
પસંદગી : B. Pharm., M. Pharm., B.Sc., M.Sc.,
નોકરી/ધંધો : Job in Pharma Company



નામ : ડોબરિયા ધવલ ડુંગરભાઈ
સરનામું : ૨૨, તપન બંગ્લોઝ, અમીન ઓટો સામે આણંદ-સોજીત્રા રોડ, આણંદ
ફોન : (ઘર) ૦૨૬૯૨-૨૬૪૭૩૭
મોબાઈલ : ૯૮૭૯૫૨૬૫૬૪
ઈ-મેઈલ : dobariyadk@gmail.com
જન્મ તા. : ૨૧-૬-૮૯ ઉંચાઈ : ૫'૧૦'' વજન : ૬૭ કી.
અભ્યાસ : B.E. (Electrical)
મૂળ વતન : ગામ-વીરપુર (જલારામ), તા.જેતપુર, જિ.રાજકોટ
મોસાળ : ગજેરા, ગામ-માખીયાળા, તા.જિ.જૂનાગઢ
પસંદગી : એન્જિનિયર, સાયન્સ ગ્રેજ્યુએટ
નોકરી/ધંધો : આસી. મેનેજર, એલ. એન્ડ ટી. પ્રા., વડોદરા

## સમાજ ગૌરવ

# ડૉ. ભાર્ગવ કોટડિયાએ આઈ સર્જનની પરીક્ષામાં ગોલ્ડ મેડલ મેળવ્યો

અમદાવાદના બાપુનગર, ઈન્ડિયા કોલોની ખાતે આવેલી શિવજ્યોતિ આંખની હોસ્પિટલના ડાયરેક્ટર અને મુળ ગામ કુબડા, તા. ધારી, જિ. અમરેલીના વતની એવા ડૉ. જીતુભાઈ કોટડિયાના સુપુત્ર ડૉ. ભાર્ગવ કોટડિયાએ ચાલુ વર્ષે M.S. (Opthalmology) આઈ સર્જનની પરીક્ષામાં ખૂબ જ સારા માર્ક્સ મેળવીને પુના યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંકે આવીને ગોલ્ડ મેડલ મેળવ્યો છે.



છારોડી ખાતે આવેલા SGVPનાં તેઓ ભુતપૂર્વ વિદ્યાર્થી છે. બાળપણથી જ તેમની કારકિર્દી તેજસ્વી રહેલી છે. તેઓએ M.B.B.S. તબીબી અભ્યાસક્રમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી પૂર્ણ કર્યો હતો.

તબીબી વિજ્ઞાન અને સંશોધનમાં તેમને વિશેષ રૂચી છે. સખત પરિશ્રમના કારણે તેઓ યુનિવર્સિટીમાં ટોપર રહ્યા છે. તેઓએ સમસ્ત સમાજનું ગૌરવ વધાર્યુ છે. ભવિષ્યમાં તેમની તબીબી સેવાઓ સમાજને મળે તેવી અપેક્ષા સાથે હાર્દિક શુભેચ્છાઓ અને ખૂબ ખૂબ અભિનંદન.

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ

**કુમાર અને કન્યા છાત્રાલય આયોજિત**

## ચતુર્થ રમતોત્સવ

**તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૧૭, રવિવાર**

## ચતુર્થ રમતોત્સવના સ્પોન્સરને અભિનંદન

ચતુર્થ રમતોત્સવને કાર્યશીલ કરવા, પ્રારંભિક બળ પુરૂ પાડવા તથા અમૂલ્ય યોગદાન આપવા બદલ સંસ્થા નીચેના મહાનુભાવોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

**મુખ્ય સ્પોન્સર**

શ્રી હંસરાજભાઈ ગોંડલિયા (સુરત)

AALIDHRA

**ડ્રેસ સ્પોન્સર**

શ્રી બાબુભાઈ ભગત
તથા ભગત પરિવાર (સુરત)

Bhagat™
delivering trust

**કો. સ્પોન્સર**

શ્રી મનસુખભાઈ ભેસાણિયા

aster
NETWORKS

**કો. સ્પોન્સર**

શ્રી ભનુભાઈ મેશિયા
શ્રી મયુરભાઈ મેશિયા

VISION INFRASTRUCTURE

**મેડલ સ્પોન્સર**

હસ્તે શ્રી કિરણભાઈ રવજીભાઈ વસાણી

VASANI
GROUP

**કો. સ્પોન્સર**

શ્રી દિનેશભાઈ બટુકભાઈ શ્યાણી

*with best wishes from...*

**અવધેશ રિયાલિટી**

**પાંચમાં રમતોત્સવ માટે સ્પોન્સર્સ આવકાર્ય છે.**

**ખાસ નોંધ : સમાજની તમામ સંસ્થાઓ અને ઘટકોએ ઉપરની તારીખ સાથે પોતાના આગામી કાર્યક્રમો મેચ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવા વિનંતી છે.**